KD NEWS
SAVARKUNDLA

22/11/2026



ગુજરાતમાં આખરે ઠંડીની જમાવટ

અમરેલી સૌથી વધુ ઠુઠવાયું

24 કલાકમાં 11.4 ડિગ્રી સુધી તાપમાનનો પારો ગગડ્યો

અમરેલી
રાજ્યનું સૌથી ઠંડુ શહેર

ન્યુનતમ તાપમાન	ગઈકાલે તાપમાન	મહત્તમ તાપમાન	ભેજ
11.4°C	18.2°C	32.3°C	39%

રાજ્યના મુખ્ય શહેરોમાં ન્યૂનતમ તાપમાન (°C)

શહેર	તાપમાન	શહેર	તાપમાન
અમરેલી	11.4	હિંમતનગર	16.0
નલિયા	11.8	સુરેન્દ્રનગર	16.4
ગાંધીનગર	12.0	સુરત	16.6
રાજકોટ	13.2	ભાવનગર	16.8
વડોદરા	13.4	દાહોદ	17.0
જુનાગઢ	14.0	વલસાડ	17.0
પોરબંદર	14.0	કંડલા	17.2
અમદાવાદ	16.0	ભુજ	17.3
ડીસા	16.0	દ્વારકા	18.1

- અમરેલીમાં 24 કલાકમાં તાપમાનમાં 6.8 ડિગ્રીનો ઘટાડો.
- ઠંડીનું મોજું આગામી એકાદ દિવસ જળવાશે.
- શહેરો, ગ્રામ્ય વિસ્તારો અને ગીર પંથકમાં કકડતી ઠંડી.
- ખેડૂતોમાં પણ વાડી-ખેતરમાં ઠંડીથી બચવા તાપણાનો સહારો.

ગુજરાતમાં શિયાળાનો રંગ જમાવ્યો

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી NEWS

તારીખ : 22/11/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

હા...હા... ઘર આંગણાની ઓફર
જે તમને બનાવશે માલામાલ...

ડબલ ધમાકા કાર ઓફર-૨૦૨૭





DOUBLE DHAMAKA CAR OFFER - 2027
CAR-PATI
KAUN BENEGA MALAMAL - 2027















T & C APPLY*

કુલ ઈનામો ૫૫૧

₹ ૭૫૦૦ 'ફ્રી' ખરીદી પર એક માલામાલ કુપન ફ્રી

તા. ૧૬-૦૭-૨૦૨૬ થી તા. ૩૧-૧૨-૨૦૨૬ સુધી માન્ય...

તો રાહ કોની જુઓ છો ?? ચમકાવો નસીબ અને બનો માલામાલ !!!

સોનિક® જવેલર્સ લી.

હવેલી શેરી, સાવરકુંડલા. ફોન : ૨૨૩૨૯૦, મો. ૬૩૫૪૧ ૦૯૪૦૮

KD NEWS
SAVARKUNDLA

તમારા વિસ્તારના સમાચાર
હવે KD News સુધી પહોંચાડો!

તમારા આસપાસ બનતી કોઈ **મહત્વપૂર્ણ ઘટના** હોય,
સામાજિક કે ધાર્મિક **કાર્યક્રમ** હોય, **સેવાકીય પ્રવૃત્તિ** હોય,
જાહેર સમસ્યા હોય કે કોઈ **વિશેષ સિદ્ધિ**ની વાત હોય...









ફોટો | વીડિયો | જરૂરી માહિતી

સાથે અમને મોકલો.

તમારો અવાજ બનશે KD News!

તમારા વિસ્તારની દરેક નાની-મોટી ખબર
લોકો સુધી પહોંચાડવા માટે આજે જ અમારો સંપર્ક કરો.

WhatsApp કરો
9499797973



KD News – તમારા વિસ્તારનો વિશ્વાસુ સમાચાર સાથી.

તારીખ : 22/11/2026

ગુજરાતમાં શિયાળાનો ચમકારો: ૧૧.૪ ડિગ્રી સાથે અમરેલી રાજ્યનું સૌથી ઠંડું શહેર, માઉન્ટ આબુમાં પારો શૂન્ય ડિગ્રીએ

ગુજરાતમાં શિયાળાની ધીમે ધીમે જમાવટ થઈ રહી છે ત્યારે છેલ્લા ૨૪ કલાક દરમિયાન રાજ્યના અનેક શહેરોમાં લઘુત્તમ તાપમાનનો પારો નોંધપાત્ર રીતે નીચે ઉતરતાં વહેલી સવારે અને મોડી રાત્રે ઠંડીનો ચમકારો અનુભવાયો હતો. ૧૧.૪ ડિગ્રી સેલ્સિયસ લઘુત્તમ તાપમાન સાથે અમરેલી રાજ્યનું સૌથી ઠંડું શહેર નોંધાયું હતું, જ્યારે કચ્છના નલિયામાં ૧૧.૮ ડિગ્રી તાપમાન નોંધાયું હતું.ઉત્તર-પૂર્વીય ઠંડા પવનોની અસરથી સૌરાષ્ટ્ર, કચ્છ અને ઉત્તર ગુજરાત સહિત રાજ્યના અનેક વિસ્તારોમાં ઠંડીનું પ્રમાણ વધ્યું છે. મોટાભાગનાં શહેરોમાં લઘુત્તમ તાપમાન સામાન્ય કરતાં નીચું નોંધાતાં વહેલી સવારે ઘર બહાર નીકળતા લોકો, મોર્નિંગ વોક કરતા નાગરિકો અને શાળાએ જતા બાળકોને ઠંડીનો વિશેષ અહેસાસ થયો હતો. લોકોને ગરમ કપડાંનો સહારો લેવાની ફરજ પડી હતી.અમરેલીમાં ૧૧.૪ ડિગ્રી, નલિયામાં ૧૧.૮ ડિગ્રી અને ગાંધીનગરમાં ૧૨ ડિગ્રી લઘુત્તમ તાપમાન નોંધાયું હતું. રાજકોટમાં ૧૩.૨ ડિગ્રી, વડોદરામાં ૧૩.૪ ડિગ્રી, પોરબંદરમાં ૧૪ ડિગ્રી, અમદાવાદમાં ૧૬ ડિગ્રી અને ભાવનગરમાં ૧૬.૮ ડિગ્રી તાપમાન નોંધાતાં આ શહેરોમાં પણ સવારના સમયે ઠંડીનો ચમકારો અનુભવાયો હતો.માઉન્ટ આબુમાં તાપમાન શૂન્ય ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચતાં હાડ થીજવતી ઠંડીનો અનુભવ થયો હતો. પહાડી વિસ્તારોમાં શિયાળાની અસર વધુ જોવા મળી રહી છે.બીજી તરફ, દિવસ દરમિયાન સૂર્યપ્રકાશને કારણે બપોરના સમયે હળવી ગરમીનો અનુભવ થતો હોવાથી લોકો સવાર-સાંજ ઠંડી અને બપોરે ગરમી એમ બેવડી ઋતુનો અનુભવ કરી રહ્યા છે. હવામાનમાં આવતા ફેરફારને પગલે આગામી દિવસોમાં તાપમાનમાં વધઘટ થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે.ગુજરાત રાજ્યમાં શિયાળાની શરૂઆત સાથે ઠંડીનો ચમકારો વધતાં નાગરિકોમાં પણ ગરમ વસ્ત્રોની ખરીદી અને શિયાળાની તૈયારીઓ શરૂ થઈ છે. ખાસ કરીને વહેલી સવારે અને મોડી રાત્રે બહાર નીકળતા લોકોએ ઠંડીથી બચવા જરૂરી તકેદારી રાખવી હિતાવહ છે.



નો નેગેટીવ ન્યુઝ


કે.ડી NEWS

તારીખ : 22/11/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



હૃદયપૂર્વક આભાર દર્શન

શ્રી સ્વામિનારાયણ મંદિર, સાવરકુંડલા
રજત જયંતી મહોત્સવ

શ્રી સ્વામિનારાયણ મંદિર, સાવરકુંડલા ખાતે રજત જયંતી મહોત્સવ નિમિત્તે આયોજિત ભવ્ય શ્રીમદ્ ભાગવત સપ્તાહનો ધાર્મિક અને આધ્યાત્મિક કાર્યક્રમ આપ સૌના સહયોગ, સમર્પણ અને સેવા ભાવનાથી ખૂબ જ સફળતાપૂર્વક સંપન્ન થયો છે.આ પવિત્ર આયોજનને સફળ બનાવવામાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સહયોગ આપનાર તમામ મહાનુભાવો, દાતાશ્રીઓ, અધિકારીઓ, પદાધિકારીઓ અને સેવાભાવી ભાઈઓ , બહેનો નો હૃદયપૂર્વક આભાર વ્યકત કરીએ છીએ.

:::: વિશેષ આભાર વ્યકત :::

* ઉદ્યોગપતિશ્રી મનુભાઈ નાનજીભાઈ જયાણી * શ્રી કિશોરભાઈ કાબરિયા * છગનભાઈ જીવરાજભાઈ ઠુમ્મર તથા સમગ્ર ઠુમ્મર પરિવાર ના અમૂલ્ય સમય બદલ કથાના રસપાન માટે પોતાની જમીન ઉપલબ્ધ કરાવનાર
શ્રી મંગળુભાઈ લખુબાપુ ખુમાણનો વિશેષ આભાર. * ઉપસ્થિત તમામ સંતો મહંતો * સાવરકુંડલા પોલીસ અને હોમગાર્ડ જવાનોનો સુરક્ષા અને વ્યવસ્થા જાળવવામાં આપેલા સહયોગ બદલ * નગરપાલિકાના તમામ સભ્યો, અધિકારીઓ અને કર્મચારીઓનો * મામલતદાર સાહેબશ્રી તથા પ્રાંત અધિકારી સાહેબશ્રી * લોકલાડીલા ધારાસભ્યશ્રી મહેશભાઈ કસવાળા તથા પૂર્વ ધારાસભ્યશ્રી પ્રતાપભાઈ દુધાતનો * PGVCLના તમામ અધિકારીઓ અને કર્મચારીઓનો * પ્રિન્ટ તેમજ ઈલેક્ટ્રિક મીડિયા ના પત્રકાર ભાઈઓ- સાવરકુંડલા શહેરના તમામ ધર્મપ્રેમી નાગરિકો, દાતાશ્રીઓ અને સર્વે હરિભકતોનો.

આ ઉપરાંત, જેમણે પોતપોતાની જવાબદારી સ્વેચ્છાએ સ્વીકારી, દિવસ-રાત એક કરીને નિઃસ્વાર્થ ભાવે સેવા આપી અને સમગ્ર મહોત્સવની શોભામાં અભિવૃદ્ધિ કરી તે તમામ સેવાભાવી ભાઈઓ અને બહેનોનો વિશેષ આભાર.આ પ્રસંગે શાસ્ત્રી શ્રી નિર્લેપેશ્વરૂપદાસજી, પૂજ્ય કોઠારી સ્વામી શ્રી બાલસ્વરૂપદાસજી, પૂજ્ય કે.પી. સ્વામી,પૂજ્ય કીર્તન સ્વામીજી તથા સમગ્ર સંતમંડળ અને હરિભકત પરિવાર વતી સૌનો હૃદયપૂર્વક આભાર વ્યકત સાથે જય સ્વામિનારાયણ.

આપ સૌનો પ્રેમ, સહકાર, સમર્પણ અને સેવાભાવ જ આ મહોત્સવની સાચી સફળતા છે. ભગવાન સ્વામિનારાયણ આપ સૌના પરિવાર પર સદાય સુખ, શાંતિ, સમૃદ્ધિ અને કૃપા વરસાવતા રહે તેવી પ્રાર્થના.


પ.પુ.શા.સ્વામી શ્રી નિર્લેપસ્વરૂપદાસજી

આપ સૌનો ખૂબ ખૂબ આભાર અને ઋણસ્વીકાર. જય સ્વામિનારાયણ આભાર વ્યકત કરનાર

શાસ્ત્રી શ્રી નિર્લેપેશ્વરૂપદાસજી,
પૂજ્ય કોઠારી સ્વામી શ્રી બાલસ્વરૂપદાસજી
પૂજ્ય કે.પી. સ્વામી, પૂજ્ય કીર્તન સ્વામી,
તથા સમગ્ર સત્સંગ મંડળ અને હરિભકત પરિવાર


પ.પુ.કોઠારી સ્વામી શ્રી બાલસ્વરૂપદાસજી

ડે.ડી NEWS

તારીખ : 22/11/2026

સાવરકુંડલા સહિત સૌરાષ્ટ્ર-ગુજરાતમાં તુલસી વિવાહની ભવ્ય ઉજવણી, રાજકોટમાં ૧૦ હજાર તુલસીના છોડનું નિઃશુલ્ક વિતરણ



સાવરકુંડલા શહેર સહિત તાલુકાનાં વિવિધ ગામોમાં દેવઉઠી એકાદશીના પવિત્ર અવસરે તુલસી વિવાહની ભવ્ય અને દિવ્ય ઉજવણી કરવામાં આવી હતી. સમગ્ર સૌરાષ્ટ્ર અને ગુજરાતની સાથે રાજકોટમાં પણ તુલસી વિવાહનો ઉત્સાહ જોવા મળ્યો હતો. ઘેર ઘેર તુલસી માતા અને ભગવાન શાલિગ્રામના વિવાહની ધાર્મિક વિધિઓ યોજાઈ હતી. આંગણાંમાં રંગોળી, દીવડાઓ અને ફૂલોની સજાવટ સાથે ભક્તિમય માહોલ સર્જાયો હતો. સાંજના સમયે પૂજા-અર્ચના, મંગળગીતો અને ફટાકડાની આતશબાજી સાથે લોકોએ આ પવિત્ર ઉત્સવની હર્ષોલ્લાસભેર ઉજવણી કરી હતી.ખાસ કરીને સાવરકુંડલા શહેર અને તાલુકાના ગામોમાં અનેક પરિવારો દ્વારા પરંપરાગત વિધિ-વિધાન સાથે તુલસી વિવાહનું આયોજન કરવામાં આવ્યું હતું. તુલસી માતાને લક્ષ્મીજીનું સ્વરૂપ તથા ભગવાન વિષ્ણુના પ્રિય સ્વરૂપ તરીકે પૂજવામાં આવે છે. હિન્દુ સંસ્કૃતિમાં તુલસી વિવાહનું વિશેષ ધાર્મિક મહત્ત્વ છે. આ પર્વને શુભ અને માંગલિક પ્રસંગોની શરૂઆતનું પ્રતીક માનવામાં આવે છે.રાજકોટ પૂર્વ વિસ્તારમાં પણ ધારાસભ્ય ઉદય કાનગડ દ્વારા સતત ચોથા વર્ષે તુલસીના છોડનું કુંડા સાથે નિઃશુલ્ક વિતરણ કરવામાં આવ્યું હતું. આ વર્ષે અંદાજે ૧૦ હજાર તુલસીના છોડનું વિતરણ કરાયું હતું. નોંધનીય છે કે છેલ્લા ચાર વર્ષમાં તેમના સ્વખર્ચે અંદાજે ૪૦ હજાર ઘરો સુધી તુલસીના પવિત્ર છોડ પહોંચાડવામાં આવ્યા છે. તેમણે તુલસીના છોડના મહત્ત્વ અંગે જણાવ્યું હતું કે તુલસીમાં આયુર્વેદ, આરોગ્ય, પ્રકૃતિ સંરક્ષણ અને આધ્યાત્મિક શાંતિનો ત્રિવેણી સંગમ સમાયેલો છે. દરેક ઘરમાં તુલસીનો છોડ હોય અને લોકો પ્રકૃતિ સાથે જોડાય તેવા હેતુથી આ સેવાકાર્ય હાથ ધરવામાં આવે છે.*દેવ દિવાળીની ઉજવણીની તૈયારીઓ*તુલસી વિવાહ બાદ હવે મંગળવારે કારતક પૂર્ણિમાના પવિત્ર દિવસે દેવ દિવાળીની ઉજવણી કરવામાં આવશે. આ દિવસે દેવાધિદેવ મહાદેવે ત્રિપુરાસુરનો સંહાર કરી દેવતાઓને તેના ત્રાસમાંથી મુક્ત કર્યા હતા. આ વિજયની ખુશીમાં દેવતાઓએ દીપોત્સવ મનાવ્યો હતો, જેને દેવ દિવાળી તરીકે ઓળખવામાં આવે છે.દેવ દિવાળી નિમિત્તે વિવિધ મંદિરોમાં દીપ પ્રાગટ્ય, પૂજા-અર્ચના અને ધાર્મિક કાર્યક્રમો યોજાશે. આમ, સાવરકુંડલા સહિત સમગ્ર સૌરાષ્ટ્ર અને ગુજરાતમાં તુલસી વિવાહની ઉજવણી સાથે ધાર્મિક આસ્થા, સંસ્કૃતિ, પર્યાવરણપ્રેમ અને આધ્યાત્મિકતાનો સુંદર સમન્વય જોવા મળ્યો હતો.

તારીખ : 22/11/2026

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી NEWS

SINCE 1923
NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

Organised by:
HEADWAY
BUSINESS SOLUTIONS LLP
Solution@100%
www.headway.guru
908 124 1916





"SUVARNA SAUBHAGYA UTSAV – SAMRUDDHI MAHOTSAV"®

SUVARNA SAUBHAGYA UTSAV











અરે... વાહ...

૯,૯૯૯ સુધી

કરોડોની કિંમતના ઈનામો!

હા, સાચું વાંચ્યું.

તે પણ માત્ર ₹ ૧૦,૦૦૦ ના ઘરેણાંની ખરીદી કે એક્સચેન્જ પર*

તો રાહ કોની જુવો છો, ઘરેણાં સાથે ચમકાવો નસીબ

ઓફરઃ ૧૫ ઓગસ્ટ ૨૦૨૬ થી ૨૫ ડિસેમ્બર ૨૦૨૬ સુધી જ લાગુ.

*શરતો લાગુ

GJ

શ્રી ગોકુલ જ્વેલર્સ

હવેલી શેરી, સાવરકુંડલા. 222195 95373 12695

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી NEWS

તારીખ : 22/11/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

શાળા માટે સ્ટાફ જોઇએ છે.

આપણી શાળા સંકુલને નીચે મુજબનો સ્ટાફ જોઇએ છે.

:: શિક્ષિકા બહેનો - 3 ::

P.T.C. - B.Com - M.A.

M.Com - PGDCA

:: પટાવાળા બહેનો - 2 ::

શાળા સંકુલની સંપુર્ણ સફાઇકામ

કરી શકે તેવા બહેન - 1 તેમજ

ઘર કામ માટે - 1 સાદી અરજી સાથે

સવારે 8 થી 12 રૂબરૂ સંપર્ક કરો

પ્રિયાંશી સ્કૂલ

જેસર રોડ, સાવરકુંડલા

9428585885 / 9714751168

કે.કે NEWS

તારીખ : 22/11/2026

ગિરનારની લીલી પરિક્રમામાં શ્રદ્ધાનો મહાસાગર, જંગલના રસ્તાઓ પર યાત્રિકોનો અવિરત પ્રવાહ



ગિરનારની પવિત્ર લીલી પરિક્રમાના બીજા દિવસે શ્રદ્ધાળુઓનો ભારે ધસારો જોવા મળ્યો હતો. શનિવારે સાંજથી રાત સુધી પરિક્રમા માર્ગના તમામ પડાવ પર મોટી સંખ્યામાં યાત્રિકો એકત્ર થતાં સમગ્ર ગિરનારનો જંગલ વિસ્તાર 'જય ગિરનારી'ના નાદથી ગુંજી ઉઠ્યો હતો. નળપાણીની ઘોડી સહિતના માર્ગો પર યાત્રિકોની લાંબી કતારો જોવા મળી હતી.પરિક્રમાના બીજા દિવસે અંદાજે અઢી લાખથી વધુ ભાવિકોએ 36 કિલોમીટરની પરિક્રમા પૂર્ણ કરી ભવનાથ તરફ પ્રયાણ કર્યું હતું, જ્યારે હજુ મોટી સંખ્યામાં યાત્રિકો પરિક્રમા માર્ગ પર આગળ વધી રહ્યા હોવાનું જાણવા મળ્યું છે. નળપાણીની ઘોડી અને અન્ય પડાવ પર યાત્રિકોની ભારે ભીડના દૃશ્યો જોવા મળ્યા હતા.ગુજરાતના વિવિધ જિલ્લાઓ ઉપરાંત અન્ય રાજ્યોમાંથી પણ મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ગિરનારની લીલી પરિક્રમામાં જોડાયા છે. યાત્રિકોએ પરિક્રમા દરમિયાન વિવિધ અન્નક્ષેત્રોમાં ભોજન પ્રસાદ લીધો હતો, તો અનેક ભાવિકોએ જંગલ વિસ્તારમાં જાતે રસોઈ બનાવી ભોજન કરી કુદરતી સૌંદર્યનો આનંદ માણ્યો હતો.ભક્તિ, શ્રદ્ધા અને પ્રકૃતિના અનોખા સંગમ સમાન ગિરનારની લીલી પરિક્રમામાં ભાવિકોનો ઉત્સાહ સતત જોવા મળી રહ્યો છે. 'જય ગિરનારી'ના ગગનભેદી નાદ સાથે શ્રદ્ધાળુઓ પગપાળા આગળ વધી રહ્યા છે અને ગિરનારની પાવન ધરતી પર આસ્થાના મહાપર્વનો માહોલ છવાયો છે.

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી NEWS

તારીખ : 22/11/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

સાવરકુંડલાના શાંત અને સુરક્ષિત ગાયત્રી સોસાયટી વિસ્તારમાં તમામ સગવડતાઓ સાથેનું 50X100 ફુટની વિશાળ જગ્યા, નીચે 3 રૂમ ઓસરી રસોડુ તેમજ ઉપર બે રૂમ રસોડુ, સ્વતંત્ર હવાણ વાળુ (ફર્નીચર સાથેનું)

મકાન વેચવાનું છે.

-: સંપર્ક :-

મો. 98258 30330

ટી.ડી NEWS

તારીખ : 22/11/2026

તલગાજરડાના ચિત્રકુટધામમાં ૨૬ નવેમ્બરે સંતવાણી એવોર્ડ સમારોહ યોજાશે; મોરારિબાપુના હસ્તે સંતવાણીના સાધકોનું સન્માન

પ્રભુદાસબાપુની પુણ્યતિથિ નિમિત્તે યોજાશે પરંપરાગત સાત્વિક કાર્યક્રમ, સંતવાણીના સર્જકો અને કલાકારોની થશે વંદના



સૌરાષ્ટ્રના સુપ્રસિદ્ધ તીર્થધામ તલગાજરડાના ચિત્રકુટધામ ખાતે પૂજ્ય મોરારિબાપુની પ્રેરણા અને માર્ગદર્શન હેઠળ આગામી તા. ૨૬ નવેમ્બર, ૨૦૨૬ના ગુરુવારના રોજ રાત્રે ૭ કલાકે સંતવાણી એવોર્ડ અર્પણ સમારોહનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે.પૂજ્ય મોરારિબાપુના પિતાશ્રી પૂજ્ય પ્રભુદાસબાપુની પુણ્યતિથિ (કારતક વદ બીજ) નિમિત્તે દર વર્ષે યોજાતા આ સાત્વિક કાર્યક્રમમાં સંતવાણીના આદિ સર્જકો, ભજન-સંતવાણીના ગાયકો તેમજ વાદ્યસંગીતના સાધકોનું સન્માન કરીને તેમની કલાસાધનાને બિરદાવવામાં આવે છે.આ વર્ષે સંતવાણીના આદિ સર્જકની વંદના અંતર્ગત મોટા ભમોદરાના સંતશ્રી પૂ. સુખરામજી બાપુની વંદના કરવામાં આવશે. જ્યારે વર્ષ ૨૦૨૬ના સંતવાણી એવોર્ડ અંતર્ગત સુપ્રસિદ્ધ ભજનીક દેવરાજ ગઢવી (નાનો ડેરો, બાડા-કચ્છ), તબલાવાદક પ્રતાપભાઈ બારોટ (જૂનાગઢ), હિતેશગીરી ગણપતગીરી ગોસાઈ (બાબરા-રાજકોટ) તથા મંજીરાવાદક સંજયભાઈ (જમનાદાસ) કાપડી (જામનગર)નું પૂજ્ય મોરારિબાપુના હસ્તે સન્માન કરવામાં આવશે.આ સમારોહમાં ગુજરાતભરના સુપ્રસિદ્ધ ભજનીકો, સંતવાણીના વાદ્ય કલાકારો, સંતો-મહંતો તેમજ સંતવાણીપ્રેમીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેશે. એવોર્ડ અર્પણવિધિ બાદ પૂજ્ય મોરારિબાપુ પ્રસંગોચિત ઉદબોધન કરશે. ત્યારબાદ રાજ્યના જાણીતા ભજનીકો દ્વારા સંતવાણી અને ભજનની ભાવસભર પ્રસ્તુતિ કરવામાં આવશે.ઉલ્લેખનીય છે કે, આ જ દિવસે સવારે તલગાજરડા ગામની દીકરીઓનાં સમૂહલગ્નનું પણ આયોજન કરવામાં આવ્યું છે. આમ, પૂજ્ય પ્રભુદાસબાપુની પુણ્યસ્મૃતિને સમર્પિત આ પ્રસંગમાં સંતવાણીની પરંપરાનું જતન, કલાકારોનું સન્માન અને સામાજિક સેવાનો સુંદર ત્રિવેણી સંગમ જોવા મળશે.

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી NEWS

તારીખ : 22/11/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

સાવરકુંડલા મહુવારોડ ટચ

ઓફિસ વેચવાની છે

ઓફિસ સાઇઝ : 12 ફુટ x 20 ફુટ

સાથે અગાશી

20 ફુટ x 20 ફુટ (ઓપન ટેરેસ)

--:: સંપર્ક ::--

રવિ રાવલ - મો. 9601929903

દેવાંગ રાવલ - મો. 9274228505

તારીખ : 22/11/2026

અમરેલી જિલ્લા કલેક્ટરશ્રી વિકલ્પ ભારદ્વાજના અધ્યક્ષસ્થાને મહેસૂલી અધિકારીઓ અને ઈ-સેવા સોસાયટી કમિટીની બેઠક યોજાઈ



અમરેલી જિલ્લા કલેક્ટરશ્રી વિકલ્પ ભારદ્વાજના અધ્યક્ષસ્થાને મહેસૂલી અધિકારીશ્રીઓ તથા ઈ-સેવા સોસાયટી કમિટીની બેઠક યોજવામાં આવી હતી. આ બેઠકમાં આગામી ચૂંટણીને અનુલક્ષીને કરવામાં આવતી વહીવટી તૈયારીઓ, ચૂંટણીલક્ષી કામગીરી તેમજ ઈ-સેવા અંતર્ગત ચાલતી વિવિધ કામગીરીની વિસ્તૃત સમીક્ષા કરવામાં આવી હતી.બેઠક દરમિયાન સંબંધિત અધિકારીશ્રીઓ પાસેથી કામગીરીની વિગતો મેળવી જરૂરી ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી. ઉપરાંત, ચૂંટણીલક્ષી તમામ તૈયારીઓ સમયમર્યાદામાં અને સુચારુ રીતે પૂર્ણ થાય તેમજ ઈ-સેવા સંબંધિત સેવાઓ વધુ સુદ્રઢ, પારદર્શક અને અસરકારક બને તે માટે જિલ્લા કલેક્ટરશ્રીએ જરૂરી માર્ગદર્શન અને સૂચનાઓ આપી હતી.બેઠકમાં સંબંધિત મહેસૂલી અધિકારીશ્રીઓ તથા ઈ-સેવા સોસાયટી કમિટીના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.





તારીખ : 22/11/2026

નો નેગેટીવ ન્યુઝ

SINCE 1923 NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

થેરાપી

જુના દુઃખાવા તથા જુના રોગોમાં

અસરકારક સારવાર

એક્યુપ્રેશર, મેગ્નેટ, કલર, સીડસ, મોકસા, ટવીસ્ટ વિગેરે થેરાપી...

મો. ૯૯૭૯૨ ૭૧૨૯૧

તારીખ : 22/11/2026

લાઠીમાં બોકરવાડિયા પરિવાર દ્વારા ભવ્ય તુલસી વિવાહ મહોત્સવનું આયોજન, ધાર્મિક માહોલમાં ભાવિકો ઉમટ્યા

અમરેલી જિલ્લાના લાઠી શહેર ખાતે શ્રી બોકરવાડિયા પરિવાર દ્વારા પવિત્ર અને માંગલિક એવા તુલસી વિવાહ પ્રસંગનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. હિન્દુ ધર્મની પરંપરા અને સંસ્કૃતિ સાથે જોડાયેલા આ પવિત્ર પ્રસંગે સમગ્ર વાતાવરણ ભક્તિમય અને ઉત્સવમય બની ગયું હતું.આ પ્રસંગે લાઠી-દામનગર-બાબરાના ધારાસભ્ય શ્રી જનકભાઈ તળાવિયા સહિત રાજકીય, સામાજિક ક્ષેત્રના આગેવાનો, ઉદ્યોગપતિઓ, વેપારી આગેવાનો તેમજ મોટી સંખ્યામાં ગ્રામજનો અને ભાવિક ભક્તો ઉપસ્થિત રહ્યા હતા. ઉપસ્થિત મહાનુભાવોએ તુલસી વિવાહના પવિત્ર પ્રસંગે દર્શન કરી ધાર્મિક ઉત્સવની ખુશીમાં સહભાગી બની આયોજક પરિવારને શુભેચ્છાઓ પાઠવી હતી.તુલસી વિવાહ ભારતીય સંસ્કૃતિમાં વિશેષ ધાર્મિક મહત્ત્વ ધરાવતો પવિત્ર ઉત્સવ છે. ભગવાન વિષ્ણુના સ્વરૂપ શાલિગ્રામજી અને માતા તુલસીના વિવાહની પરંપરા સાથે જોડાયેલા આ ઉત્સવમાં શ્રદ્ધા, ભક્તિ અને સામાજિક એકતાનો સુંદર સમન્વય જોવા મળ્યો હતો.શ્રી બોકરવાડિયા પરિવાર દ્વારા કરવામાં આવેલી સુંદર વ્યવસ્થા અને આયોજનને ઉપસ્થિત સૌએ બિરદાવ્યું હતું. ધાર્મિક પરંપરાઓનું જતન અને સમાજમાં એકતા તથા ભાઈચારાની ભાવનાને મજબૂત બનાવતા આવા આયોજનો સૌ માટે પ્રેરણારૂપ બની રહે છે.આમ, લાઠી શહેર ખાતે યોજાયેલો તુલસી વિવાહ મહોત્સવ શ્રદ્ધા, સંસ્કાર અને સામાજિક સમરસતાના સુંદર સંગમ સાથે હર્ષોલ્લાસભેર સંપન્ન થયો હતો.







તારીખ : 22/11/2026

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી NEWS

SINCE 1923
NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



- એનિવર્સરી કેક
- બેબીશાવર કેક
- સગાઈ કેક
- ફોન્ડન્ટ કેક
- મેક અપ કીટ કેક
- ફોટો કેક







અઢળક કેકની વેરાયટીઓ

New Collection

મેરેજ બોક્સ, ડ્રાયફ્રૂટ બોક્સ અને
રમકડાંની અવનવી વેરાયટી



અર્જન્ટ કેક
બનાવી આપવામાં આવશે.

બર્થ ડેકોરેશન,
બેબી શાવર ડેકોરેશન ની
તમામ આઈટમ મળશે..



તમને મળશે બધાથી અલગ અને તે પણ આપના બજેટમાં.

લાઈવ કેક માટે મુલાકાત લ્યો

— સાવરકુંડલામાં કેક તેમજ ડેકોરેશન સાયેનું એકમાત્ર વિશ્વાસપાત્ર સ્થળ —

નારોલા

લાઈવ કેક શોપ

મહુવારોડ, સાવરકુંડલા | મો. 88667 59838

કે.કે NEWS

તારીખ : 22/11/2026

અમરેલી જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક યોજાઈ : જિલ્લાના નાગરિકોના પ્રશ્નો અને વિકાસલક્ષી કામગીરી અંગે વિસ્તૃત ચર્ચા-વિચારણા કરાઈ







અમરેલી જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં અમરેલી જિલ્લાના તમામ તાલુકાઓ અને ગ્રામ્ય વિસ્તારોના નાગરિકોના પ્રશ્નો, જનહિતને લગતા વિવિધ મુદ્દાઓ તેમજ જિલ્લાના વિકાસને વેગવાન બનાવતી બાબતો અંગે સંબંધિત અધિકારીઓ સાથે વિસ્તૃત ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી.આ બેઠકમાં અમરેલી લોકસભાના સાંસદ શ્રી ભરતભાઈ સુતરીયા, રાજુલા-જાફરાબાદ-ખાંભા વિસ્તારના ધારાસભ્ય શ્રી હીરાભાઈ સોલંકી, સાવરકુંડલા-લીલીયા વિસ્તારના ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાલા, અમરેલી જિલ્લા પંચાયતનાં પ્રમુખ શ્રી દક્ષાબેન સહિતના પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત જિલ્લા કલેક્ટર શ્રી વિકલ્પ ભારદ્વાજ, એસ.પી શ્રી જયવીર ગઢવી સહિત વિવિધ વિભાગોના અધિકારીઓએ બેઠકમાં ભાગ લીધો હતો.બેઠક દરમિયાન જિલ્લાના વિવિધ વિસ્તારોમાંથી રજૂ થયેલા નાગરિકોના પ્રશ્નો, જાહેર સુવિધાઓ, માર્ગ-રસ્તા, પાણી, શિક્ષણ, આરોગ્ય, મહેસૂલી કામગીરી તેમજ અન્ય વિકાસલક્ષી અને વહીવટી બાબતો અંગે ચર્ચા કરવામાં આવી હતી. લોકોની રજૂઆતોને ગંભીરતાથી ધ્યાને લઈ તેમના પ્રશ્નોનું સમયમર્યાદામાં યોગ્ય નિરાકરણ આવે તે માટે સંબંધિત વિભાગોના અધિકારીઓને જરૂરી સૂચનાઓ અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.વિકાસનાં કામો ઝડપથી પૂર્ણ થાય, કામગીરીમાં ગુણવત્તા જળવાઈ રહે તેમજ સરકારી યોજનાઓનો લાભ છેવાડાના માનવી સુધી પહોંચે તે બાબત પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો હતો. સાથે જ વહીવટી કામગીરી વધુ અસરકારક, જવાબદાર અને પારદર્શક બને તે માટે જરૂરી રજૂઆતો સાથે અધિકારીઓને હકારાત્મક અભિગમ અપનાવી સમયસર કાર્યવાહી કરવા અનુરોધ કરવામાં આવ્યો હતો.આ બેઠકનો મુખ્ય ઉદ્દેશ જિલ્લાના તમામ તાલુકાઓ અને ગામોના નાગરિકોના પ્રશ્નોને યોગ્ય મંચ પૂરું પાડવાનો, લોકહિતનાં કામોને પ્રાથમિકતા આપવાનો અને વહીવટી તંત્ર તથા જનપ્રતિનિધિઓ વચ્ચે સંકલન વધુ સુદૃઢ બનાવવાનો રહ્યો હતો.જનતાના પ્રશ્નોનું સમયસર નિરાકરણ, સુશાસન અને અમરેલી જિલ્લાના સર્વાંગી વિકાસને પ્રાથમિકતા આપવાના સંકલ્પ સાથે બેઠકમાં વિવિધ મુદ્દાઓ પર સકારાત્મક ચર્ચા કરવામાં આવી હતી.

કે.ડી NEWS

તારીખ : 22/11/2026

રાજુલા તાલુકાના ભાક્ષી ગામે પાંડવ પરિવાર દ્વારા પવિત્ર શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનું ભવ્ય આયોજન





અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના ભાક્ષી મુકામે પાંડવ પરિવાર દ્વારા પવિત્ર શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનું ધાર્મિક માહોલમાં ભક્તિભાવપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. આ પાવન પ્રસંગે કથાનું શ્રવણ કરવા મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ, ભાવિક ભક્તો અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.આ પ્રસંગે રાજુલા-જાફરાબાદ-ખાંભાના ધારાસભ્ય શ્રી હીરાભાઈ સોલંકી ઉપસ્થિત રહ્યા હતા. તેમની સાથે વિવિધ રાજકીય અને સામાજિક આગેવાનો, ચૂંટાયેલા જનપ્રતિનિધિઓ, પૂજ્ય સંતો-મહંતો તથા સ્વામીજીઓએ પણ ઉપસ્થિતિ નોંધાવી હતી અને શ્રીમદ્ ભાગવત કથાનું ભાવપૂર્વક શ્રવણ કર્યું હતું.ભાગવત સપ્તાહના આ પવિત્ર અવસરે ભાઈઓ, બહેનો, યુવાનો, વડીલો અને માતૃશક્તિએ મોટી સંખ્યામાં જોડાઈને ધર્મ, ભક્તિ અને અધ્યાત્મના આ જ્ઞાનયજ્ઞનો લાભ લીધો હતો. સમગ્ર વાતાવરણ ભક્તિમય બની ગયું હતું. ભગવાન શ્રીકૃષ્ણની લીલાઓ, જીવનમૂલ્યો અને ધર્મના સંદેશાઓ થકી ઉપસ્થિત શ્રદ્ધાળુઓને આધ્યાત્મિક પ્રેરણા પ્રાપ્ત થઈ હતી.આ તકે ધારાસભ્ય શ્રી હીરાભાઈ સોલંકીએ ઉપસ્થિત સંતો-મહંતોના આશીર્વાદ મેળવ્યા હતા તેમજ આ પવિત્ર ધાર્મિક આયોજન બદલ પાંડવ પરિવારને અભિનંદન પાઠવ્યાં હતાં. ભગવાન શ્રીકૃષ્ણ સૌના જીવનમાં સુખ, શાંતિ, સમૃદ્ધિ અને સદભાવના અર્પે તથા સમગ્ર સમાજમાં ધર્મ, સંસ્કાર અને ભાઈચારાની ભાવના વધુ મજબૂત બને તેવી પ્રાર્થના વ્યક્ત કરવામાં આવી હતી.પાંડવ પરિવારના સુંદર આયોજનથી ભાક્ષી ગામમાં ધાર્મિક ઉત્સાહ અને ભક્તિમય માહોલનું સર્જન થયું હતું.

એ ગ્રેડ
કવોલીટીનાં
A4 પેકેટ

65 GSM
Rs. 185
મીનીમમ 10 પેકેટ

70 GSM
Rs. 205
મીનીમમ 10 પેકેટ

80 GSM
Rs. 315

તમામ
પેકેટો
હાજરમાં

SINCE 1923
KD
NEWS PAPER

દોશી કાંતિલાલ દલીચંદ
દરબાર ગઢ સ્ટ્રીટ, સાવરકુંડલા 9499797973

તારીખ : 22/11/2026

દામનગરમાં સમસ્ત ભરવાડ સમાજ દ્વારા ભગવાન શાલિભદ્ર અને સતી રત્ન વૃંદાજીના લગ્નોત્સવ નિમિત્તે ભવ્ય જાનનું આયોજન

ઢોલ-નગારાના નાદ, પરંપરાગત ભરવાડી પહેરવેશ અને ભક્તિમય માહોલ વચ્ચે નીકળેલા વરઘોડાએ નગરજનોમાં આકર્ષણ જમાવ્યું



અમરેલી જિલ્લાના દામનગર ખાતે સમસ્ત ભરવાડ સમાજના આયોજન હેઠળ ભગવાન શાલિભદ્ર અને સતી રત્ન વૃંદાજીના શુભ લગ્નોત્સવની ઉજવણી ધાર્મિક શ્રદ્ધા, પરંપરા અને ભારે ઉત્સાહ સાથે કરવામાં આવી હતી. આ પાવન પ્રસંગને યાદગાર બનાવવા સમાજ દ્વારા ભવ્ય જાનનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં મોટી સંખ્યામાં સમાજબંધુઓ અને ભાવિકો જોડાયા હતા.ભગવાન રામદેવજી મંદિર ખાતેથી ધાર્મિક વિધિ અને ભક્તિમય વાતાવરણ વચ્ચે જાનનો પ્રારંભ થયો હતો. ત્યારબાદ ઢોલ-નગારાના ગુંજતા નાદ અને જયઘોષ સાથે જાન દામનગરના મુખ્ય રાજમાર્ગો પરથી પસાર થઈ ગુરુમુખી સંત દયારામ બાપુના સીતારામ આશ્રમ ખાતે પહોંચી હતી. સમગ્ર માર્ગ દરમિયાન ભાવિકોનો ઉત્સાહ અને ભક્તિભાવ જોવા મળ્યો હતો.આ ભવ્ય જાનમાં પરંપરાગત ભરવાડી પહેરવેશમાં સજ્જ સમાજના ભાઈઓ-બહેનો વિશેષ આકર્ષણનું કેન્દ્ર બન્યાં હતાં. પરંપરાગત વસ્ત્રો, લોકસંસ્કૃતિની ઝલક અને ઢોલ-નગારાના તાલે ઉજવાતો આ ધાર્મિક પ્રસંગ જાણે ભરવાડ સમાજની સમૃદ્ધ પરંપરા અને સાંસ્કૃતિક વિરાસતને જીવંત કરતો હોય તેવો માહોલ સર્જાયો હતો. નગરના મુખ્ય માર્ગો પર જાનના દર્શન કરવા નગરજનો પણ મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા.સીતારામ આશ્રમ ખાતે જાનનું ભવ્ય સામૈયું કરી ઉષ્માભર્યું સ્વાગત અને સત્કાર કરવામાં આવ્યો હતો. ભગવાન શાલિભદ્ર અને સતી રત્ન વૃંદાજીના લગ્નોત્સવના આ પવિત્ર પ્રસંગે સમગ્ર વિસ્તારમાં ધર્મમય વાતાવરણ છવાઈ ગયું હતું.આ આયોજન માત્ર ધાર્મિક ઉત્સવ પૂરતું સીમિત ન રહેતાં સમાજની એકતા, સંગઠનશક્તિ, પરંપરા પ્રત્યેની નિષ્ઠા અને નવી પેઢી સુધી સાંસ્કૃતિક વારસો પહોંચાડવાનો સુંદર સંદેશ પણ આપી ગયું હતું. દામનગરમાં યોજાયેલી આ ભવ્ય જાનથી સમગ્ર પંથકમાં આનંદ અને ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો.

K.D NEWS ના પ્લેટફોર્મ પર





જ્યાં રિલ્સ નહીં બ્રાન્ડ બને છે...

અને આપે છે


વ્યુઝની ગેરંટી અને સફળતાનો ભરોસો


















આજે જ સંપર્ક કરો

વિડીયો રિલ્સ બનાવવા તેમજ માર્કેટિંગ માટે

9724661561

તારીખ : 22/11/2026

નો નેગેટીવ ન્યુઝ

SINCE 1923 NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

ગુરૂદેવ કહે છે...

“

સંપત્તિના અભાવના કારણે દુઃખોને વેઠતી વ્યકિત જો ‘દરિદ્ર' કહેવાતી હોય તો પછી દયા, દાન, પરોપકાર વગેરે ગુણોના અભાવે દુર્ગતિમાં જવાની તૈયારી કરતી વ્યકિતને આપણે શેની ઉપમા આપશું ? યાદ રાખજો, સંપત્તિહીન ગુણવાન હોઈ શકે છે પણ ગુણહીન વ્યકિત સાચા અર્થમાં ધનવાન હોઈ શકતી નથી.

”



આચાર્ય વિજય રત્નસુંદર સુરિશ્વરજી મહારાજ



નો નેગેટીવ ન્યુઝ

કે.ડી NEWS

તારીખ : 22/11/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



ગલગલીયા

પત્નીઃ આજે તો રવિવાર છે, જલ્દી ઊઠી જાઓ!
પતિઃ એટલે જ તો સૂતો છું, અઠવાડિયાના છ દિવસની ઊંઘનું બાકી લેણું પૂરું કરું છું!

મિત્રઃ ભાઈ, આજે રવિવારે શું ખાસ પ્લાન છે?
બીજો મિત્રઃ કંઈ ખાસ નહીં,
આજે આરામ કરવાનો છે.
મિત્રઃ તો કાલે શું કરશો?
બીજો મિત્રઃ કાલે આજના આરામથી થયેલો થાક ઉતારીશ!

મમ્મીઃ બેટા, આજે રવિવાર છે, કંઈક ખાવાનું બનાવી આપું?
દીકરોઃ મમ્મી, આજે રજા છે ને, તો રસોડાને પણ રજા આપી દો!
મમ્મીઃ હા, પણ ભૂખને રજા આપી શકાય?
દીકરોઃ ના મમ્મી, એ તો રોજ હાજરી પૂરાવે છે!

તારીખ : 22/11/2026

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

વ્યાપારી માટે




હોલસેલ ભાવે

નાની-મોટી

ચીઠ્ઠી બુક

વિદ્યાર્થીઓ માટે



૨૬ ચોપડા

તેમજ

લખવા માટેની કોરી પસ્તી

SINCE 1923 KD NEWS PAPER

દોશી કાંતિલાલ દલીચંદ

દરબાર ગઢ સ્ટ્રીટ, સાવરકુંડલા 9499797973

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી NEWS

તારીખ : 22/11/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

શુ તમારે દરરોજ ફ્રેશ પસ્તીનો વપરાશ છે?



કેરી, ફરસાણની દુકાન, રેસ્ટોરેન્ટ તેમજ કરીયાણાની દુકાનના વ્યાપારીઓ માટે ખાસ

ફ્રેશ પસ્તી



સાવરકુંડલા માટે ફ્રી ડીલેવરી

* મીનીમમ ઓર્ડર 20 કીલો.

ઓર્ડર માટે કોલ કરો

94997 97973

વોટ્સઅપથી ઓર્ડર માટે

CLICK HEAR

તારીખ : 22/11/2026

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી NEWS

SINCE 1923
NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

કષ્ટભંજન દેવ હનુમાનજી મહારાજના

સાળંગપુરના આજના દર્શન



કે.ડી

NEWS

આપની બ્રાન્ડ નું માર્કેટિંગ કરો

કે.ડી ન્યૂઝ સાથે...



96K	60K	45K	100K

સંપર્ક : મો. 94997 97973